અપીલ અરજી નં.૩ તા.ર–૪ –૧૧–૧ર
ફોન નં. ર૪ર૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ઈ.ચા.પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)
ઈ.ચા.ડે.કમિશ્નર (સી) અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૧–ર–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) જનરલ કેટેગરીના આપશ્રીની કચેરીના પી.ઓ.(આર) અને જા.મા.અ. ના તા.૭–ર–૧૧ ના પત્ર નં.જીએડી/ઈએસટી/ આર. ૧૪૬૪ ની માહિતીમાં જણાવ્યાનુસાર મદ્દા નં.ર ના અનુક્રમ નં.ર ઉમેદવારનું હેવી વ્હીકલ **TVA-16-10-75** અને **TVA-16-10-92** ની નકલો અનુ.નં.ર ઉમેદવારની સર્વીસબુક તથા અરજીફોર્મ સાથે બિડાણ કરેલ માહિતિની નકલો અનુ.નં.૩૪ ના ઉમેદવારનું હેવી વ્હીકલ લાયસન્સ**TVA-5-4-07** ની તથા અનુ.નં.૪૦ ના ઉમેદવારનું હેવી વ્હીકલ લાયસન્સ નં.**TVA-14-5-07** ની તથા અનુ.નં.૫૯ ના ઉમેદવારનું હેવી વ્હીકલ લાયસન્સ નં. **TVA-2-5-07** ની તથા અનુ.નં.૯ર ના ઉમેદવારનું શાળા છોડયાનું લિવીંગ સર્ટીફીકેટની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૦ર–૪–૧૧ ની **SMC/FAP/** નં.૩/ર૦૧૧–૧ર

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૧–ર–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) જનરલ કેટેગરીના આપશ્રીની કચેરીના પી.ઓ.(આર) અને જા.મા.અ. ના તા.૭–ર–૧૧ ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર. ૧૪૬૪ ની માહિતીમાં જણાવ્યાનુસાર મદ્દા નં.ર ના અનુક્રમ નં.ર ઉમેદવારનું હેવી વ્હીકલ **TVA-16-10-75** અને **TVA-16-10-92** ની નકલો અનુ.નં.ર ઉમેદવારની સર્વીસબુક તથા અરજીફોમૃ સાથે બિડાણ કરેલ માહિતિની નકલો અનુ.નં.૩૪ ના ઉમેદવારનું હેવી વ્હીકલ લાયસન્સ **TVA-5-4-07** ની તથા અનુ.નં.૪૦ ના ઉમેદવારનું હેવી વ્હીકલ લાયસન્સ નં. **TVA-14-5-07** ની તથા અનુ.નં.૫૯ ના ઉમેદવારનું હેવી વ્હીકલ લાયસન્સ નં. **TVA-2-5-07** ની તથા અનુ.નં.૯ર ના ઉમેદવારનું શાળા છોડયાનું લિવીંગ સર્ટીફીકેટની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબતે બોગસ માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૦ર–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૩ તા.૧૧–૪–૧૧ થી ઈ.ચા.પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ), ઈ.ચા.ડે.કમિશ્નર (સી) અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં બોગસ માહિતીના દાવા અંગે આધાર હોય તો રજુ કરવા સાથે જાહેર માહિતી અધિકારીના તા.૧૯–ર–૧૧ પત્ર અંગે તેમણે વિગતો આપેલ છે કે કેમ? તથા ઉપરોકત અપીલમાં તેમણે પક્ષકાર જણાવેલ જાહેર માહિતિ અધિકારીઓને અરજીની તબદીલી તેઓની જાણ હેઠળ થયેલ છે કે કેમ? અગર તેમની કક્ષાએથી વિવાદ હેઠળની મુળ અરજી તમામ પક્ષકાર જાહેર માહિતી અધિકારીઓને મોકલેલ છે કે કેમ? તે આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૭૩ તા.૧૯–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૯ર તા.૧૫–ર–૧૧ થી મુદ્દા નં.ર ની આંશિક માહિતી માટે મ. જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૩૫ તા.૧૪–ર–૧૧ થી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, રાંદેરઝોનનો વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૭૬૪ તા.૧૯–ર–૧૧ ના પત્રની નકલ, ઈ.ચા. ડે.કમિ.સી અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૮૦૪ તા.૭–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. પર્સોનલ ઓફિસર આર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૭ તા.૧૯–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, ૧૦ર ડ્રાઈવરોની અરજી નંબર અને ઉમેદવારના નામ સહિતની યાદીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૬૪ તા.૭–ર–૧૧ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તા.૧૪–ર–૧૧ ના રોજ રીક્રુટમેન્ટને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી મુદ્દા નં.૧ આંશિક અંગે વરાછાઝોન તથા મુદ્દા નં.ર આંશિક અંગે રાંદેરઝોનને તા.૧૫–ર–૧૧ ના રોજ તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૯૮ તા.૧૮–ર–૧૧ ના પત્રની નકલ તથા પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૫૩૬ તા.ર૪–ર–૧૧ ના પત્રની નકલ, પ્રકાશકુમારના ડ્રાઈવીંગ લાયસન્સની નકલ, ખૈર કલ્પેશના ડ્રાઈવીંગ લાયસન્સની નકલ તથા લીવીંગ સર્ટીફીકેટની નકલ, વાઘેલા કિશોરભાઈના ડ્રાઈવીંગ લાયસન્સની વિગતો, કુમાર દત્તાત્રેયની લાયસન્સની વિગત, પરમાર દિનેશની એલસી તથા ખેરનાર વિલાસનું અનુભવનું પ્રમાણપત્ર પટેલ મગનભાઈ જગદીશભાઈનું શૈક્ષણિક પછાતનું પ્રમાણપત્ર, જયેશકુમાર શાંતિલાલ પવારના અનુભવના સર્ટીફીકેટની નકલ, અવિનાશ ખલાસીનું અનુભવનું સર્ટીફીકેટ, શ્રી ભરતભાઈ લાડનું અનુભવનું સર્ટીફીકેટ યોગેશભાઈ પટેલનું અનુભવનું સર્ટીફીકેટ પટેલ ધર્મેશભાઈનું અનુભવનું સર્ટીફીકેટ, ટાપરીયા ગઢવી ધર્મેન્દ્રભાઈના અનુભવનું સટીફીકેટ, બળદેવભાઈ છોટુભાઈના અનુભવનું સ ર્ટીફીકેટ, હર્ષદભાઈ પટેલનું અનુભવનું સર્ટીફીકેટ, વિનોદભાઈ અનુભવનું સર્ટીફીકેટ, રાકેશભાઈ પટેલનું અનુભવનું સર્ટીફીકેટ, બારૈયા મહાદેવભાઈનું અનુભવનું સર્ટીફીકેટ, કમલેશભાઈ પટેલ સા.શ. ૫. નું સર્ટીફીકેટ , પટેલ દિનેશકુમારનું શૈક્ષ. નું સર્ટીફીકેટ, કટારા બાબુલાલનું અનુભવનું સર્ટીફીકેટ, રુપેશકુમાર નાયકાનું અનુભવનું

સર્ટીફીકેટ, બીપીનકુમાર પટેલનું અનુભવનું સર્ટીફીકેટની નકલ, ધર્મેશભાઈ ગરાસીયાનું અનુભવનું સર્ટીફીકેટ રજૂ કરેલ છે. જયારે વરાછાઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદારે પૂરક વિગતોમાં તેમના તા.૨૦–૪–૧૧ ના પત્રથી જાહેર માહિતી અધિકારી વરાછાઝોને પત્ર નં.૩૫ તા.૧૫–૩–૧૧ તથા રાંદેરઝોને પત્ર નં.૮૦૪ તા.૭–૪–૧૧ થી પત્ર પાઠવેલ હોવાનું જણાવેલ છે. તે સિવાય સંદર્ભ પત્ર અંગે કોઈ વિગતો પૂરી પાડેલ નથી.

અરજદારની તા.૧૧–૨–૧૧ ની અરીજીથી ૨૧૮ ડ્રાઈવરોમાંથી આશરે ૧૨૦ ડ્રાઈવરોની નિમણુંકમાં બોગસ હેવી વ્હીકલ લાયસન્સની અનુભવ, લીવીંગ, કાસ્ટ સર્ટીફીકેટની માહિતીની સ્પષ્ટ ,યોગ્ય અને પારદર્શીત નકલોની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી પર્સોનલ ઓફિસર આર અને જાહેર માહિતી અધિકારી ને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલ ઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ આ.નં.૧૬૩૫ તા.૧૪–૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/ ૧૪૯૨ તા.૧૫–૨–૧૧ થી મુદ્દા નં.૧ ની માહિતી માટે જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને અને મુદ્દા નં.૨ ની આંશિક માહિતી માટે રાંદેરઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અંગે વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં. ૭૩૫ તા.૧૫–૩–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જયારે વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં. ૮૦૪ તા.૭–૩–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. તેમજ રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટીઆર/ ૧૪૯૮ તા.૧૮–૨–૧૧ થી તથા પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૫૩૬ તા.૨૪–૨–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારના અરજીના મુદ્દા નં.(૧) જનરલ કેટેગરીના આપશ્રીની કચેરીના પી.ઓ.(આર) અને જા.મા.અ. ના તા.૭–૨–૧૧ ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર. ૧૪૬૪ ની માહિતીમાં જણાવ્યાનુસાર મદ્દા નં.૨ ના અનુક્રમ નં.૨ ઉમેદવારનું હેવી વ્હીકલ **TVA-16-10-75** અને **TVA-16-10-92** ની નકલો અનુ.નં.૨ ઉમેદવારની સર્વીસબુક તથા અરજીફોર્મ સાથે બિડાણ કરેલ માહિતિની નકલો અનુ.નં.૩૪ ના ઉમેદવારનું હેવી વ્હીકલ લાયસન્સ **TVA-5-4-07** ની તથા અનુ.નં.૪૦ ના ઉમેદવારનું હેવી વ્હીકલ લાયસન્સ નં. **TVA-14-5-07** ની તથા અનુ.નં.૫૯ ના ઉમેદવારનું હેવી વ્હીકલ લાયસન્સ નં. **TVA-2-5-07** ની તથા અનુ.નં.૯૨ ના ઉમેદવારનું શાળા છોડયાનું લિવીંગ સર્ટીફીકેટની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી અનુ. નં.૨,૩૪,૪૦,૫૯ના ઉમેદવારોના ટીવીએ ની નકલ અને. નં.૩ ના ઉમેદવારની સર્વીસબુક સિવાયના અરજી ફોર્મ સાથે સામેલ કરેલ પુરાવાની નકલ (સર્વીસબુકની) નકલ લાગત ખાતા મારફત મેળવવાની રહેશે જે અંગેની માહિતી રીક્રુટમેન્ટ કચેરીના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૯૨ તા.૧૫–૨–૧૧ ના પત્ર ધ્વારા જાણ કરવામાં આવેલ છે અને તે મુજબની જાણ લાગત ખાતાને પણ કરવામાં આવેલ છે. અનુ નં.૯૨ ના ઉમદોવારનું શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ. તેમજ જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી અરજદારને પત્ર નં.ઈ.ઝેડ/૭૩૫ તા.૧૫–૩–૧૧ થી સુમપામાં ડ્રાઈવર તરીકે વરાછાઝોન ખાતે ફરજ બજાવતા કર્મ શ્રી કલ્પેશભાઈ દયારામભાઈ ખૈર કર્મ નં.૧૬૯૬૮ ની સેવાપોથીની નકલ મેળવવા રૂ.૬/– ભરીને જણાવેલ. જે અંગે અરજદારે સદર માહિતીની નકલની જરૂરીયાત જણાતી નથી તેથી જણાવેલ ફી ભરવા રાજીખુશી નથી તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર જીએડી/ઈએસટી/૧૫૩૬ તા.૨૪–૨–૧૧ થી મુદ્દા નં.૧ માં માંગેલી માહિતીમાં જણાવ્યા મુજબ મુદ્દા નં.૨ ની નહીં પરંતુ મુદ્દા નં.૪ માં અનુ નં.૨ ના ઉમેદવારનું હેવી વ્હીકલ ટીવીએ /૧૬–૧૦–૯૨ અરજી સાથે સામેલ કરેલ છે એમ જણાવેલ છે અને જેની નકલ આ સાથે સામેલ કરેલ છે. અ.નં ૩ માં જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૩૫ તા.૧૫–૩–૧૧ થી નાણા ભરી માહિતી મેળવવા જણાવેલ પરંતુ અરજદારે માહિતીની નકલોની જરૂરીયાત નથી તેવું જણાવેલ છે. અનુ નં.૩૪ અંગે ઉમેદવારનું હેવી વ્હીકલ લાયસન્સ ટીવીએ– ૫–૪–૦૭ ની નકલ પૂરી પાડવામાં આવેલ છે. નં.૪૦ ના ઉમેદવારનું હેવી વ્હીકલ લાયસન્સ નં.ટીવીએ–૧૪–૫–૦૭ નથી પરંતુ ૧૪–૪–૯૮ છે અને તેની નકલ સામેલ કરેલ છે. અગાઉના પત્રોનો અભ્યાસ કરવા પણ જણાવેલ છે. નં.અ.નં.૫૯ ના ઉમેદવારનું હેવી વ્હીકલ લાયસન્સ નં.ટીવીએ–૨–૫–૦૭ નથી પરંતુ ૨૯–૩–૦૭ નું છે. અને તેની નકલ સામેલ છે. અગાઉના પત્રનો અભ્યાસ કરવા જણાવેલ છે. અનુ નં.૯૨ ના ઉમેદવારની જન્મ તારીખ ૧–૬–૭૨ છે જેની નકલ પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) ઈબીસી કેટેગરીના તા.૭–૨–૧૧ ના પત્ર નં. પત્ર નં.જીએડી/ઈએસટી/આર/ ૧૪૩૪ ની ઈબીસીની માહિતી જણાવ્યાનુસાર મુદ્દા નં.૨ ના અનુક્રમ નં.૧ ના ઉમેદવાર ના ઈબીસીના પ્રમાણપત્રની અનુક્રમ નં.૨ ,૩,૪ અને ૧૦ ,૫૬,૬૨,૬૫,૬૬,૭૫,૮૦,૯૦ ના અનુભવના પ્રમાણપત્રની નકલ તથા અનુક્રમ નં.૮ ના સુમપા ના કર્મચારી હોય તો તેમની સર્વીસબુકની ઈબીસી પ્રમાણપત્રની તથા અનુક્રમ નં.૪૫ ના ઉમેદવારના ઈબીસીના પ્રમાણપત્રની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી મુદ્દા નં.૨ માં ઈબીસી કેટેગરીના અનુ નં.૧ ના ઉમેદવારની જાતિ પ્રમાણપત્રની નકલ, અનં.૨,૩,૪ ,૧૦,૫૬,૬૨,૬૫,૭૫,૮૦,૯૦ ના અનુભવના પ્રમાણપત્રની નકલ તેમજ અનુ નં.૮ ના ઉમેદવાર સુમપાના કર્મચારી હોય સર્વીસબુકની નકલ માટે પણ જીએડી/ઈએસટી/આર/૧૪૯૨ તા.૧૫–૨–૧૧ મુજબ રહેશે. તેવું જણાવેલ છે. જયારે અનુ નં.૮ અને ૪૮ ના ઉમેદવારના ઈબીસી ઉમેદવારના જાતિ અંગેના પ્રમાણપત્રની નકલ. આમ અરજદારને અનુ નં.૧ ,૮ અને ૪૮ ના જાતિય પ્રમાણપત્રની નકલ તથા અનુ નં.૨,૩,૪,૧૦,૫૬,૬૨,૬૫,૬૬,૭૫,૮૦,૯૦ ના અનુભવની પ્રમાણપત્રની નકલો પૂરી પાડવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૮૦૪ તા.૭–૩–૧૧ થી અનુ નં.૮ ના કર્મચારી કમલેશભાઈ ખુશાલભાઈ પટેલની કર્મ નં.૧૯૯૯૫ ની સર્વીસબુકની નકલો મેળવેલ નથી અને અરજદારે સદરહુ માહિતીની નકલોની જરૂરીયાત નથી જેથી જણાવેલ ફી ભરવા રાજી ખુશી નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ શી.ટ્રા. કેટેગરીના તા.૭–૨–૧૧ ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/ ૧૪૬૮ ની માહિતીમાં જણાવ્યાનુસાર મુદ્દા નં.૨ ના અનુક્રમ નં.૬,૧૧,૧૯, ૨૫ ના ઉમેદવારના અનુભવના પ્રમાણપત્રની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી શી.ટ્રા. નં.અનં. નં.૬,૧૧,૧૯ અને ૨૫ ના ઉમેદવારોએ અરજી સાથે સામેલ કરેલ અનુભવના પ્રમાણપત્રની નકલ પૂરી પાડવામાં આવેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ અરજદારની તા.૨૬–૧૨–૧૦ ની આરટીઆઈ એકટ હેઠળની અરજી આઈ ડી નં.૮૬૦ તા.૬–૧–૧૧ ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/ ૧૩૪૮ માં જણાવેલ છે કે હેવી વ્હીકલ લાયસન્સ જેટલું જુનં હોય તેઓને અગ્રીમતા આપવામાં આવેલ છે હવે અમો અરજદારની તા.૨૯–૧–૧૧ ની આરટીઆઈ એકટ હેઠળનીઅરજી આઈડી ન.૧૧૩૯ તા.૬–૧–૧૧ ના નં.જીએડી/ઈએસટી/ આર/ ૧૪૬૪ માં જણાવો છો કે ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદી માત્ર અને માત્ર હેવી વ્હીકલ લાયસન્સ જેટલું જુનં હોય તેમને સમાવવામાં આવેલ છે તે બાબત નથી પરંતુ હવે

ઉમેદવારની  આઈ ટેસ્ટ , બીએમઆઈ ટેસ્ટ, પ્રકેટીકલ ટેસ્ટ, પર્સનલ ઈન્ટરવ્યુમાં કરેલ દેખાવ, લાયસન્સ વિગેરે તમામ બાબતો ધ્યાને લઈ યાદી તૈયાર કરવામાં આવેલ હોઈ.        મુદ્દા નં.૪ માં કયા પ્રત્યુત્તરને બોગસ સમજવો  જે  લેખિતમાં એક જવાબદાર પર્સોનલ ઓફિસર આર અને જાહેર માહિતી અધિકારીએ  અરજદારને આપેલી છે તેની સ્પષ્ટતા સહ નકલ તથા જનરલ કેટેગરીમાં ૩૪ ડ્રાઈવરો શી.ટ્રા. માં ૮  તથા ઈબીસી કેટેગરીમાં ૨૮  કુલ  ૭૦ ડ્રાઈવરોની નિમણુંકમાં ગેરરિતી ભ્રષ્ટાચાર અને કૌંભાડ આચરવામાં આવેલ છે.  તેવી રજૂઆત કરેલ છે.  તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી  કચેરીના પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૧૩૪૮ માં છેલ્લા પેરેગ્રાફમાં  નીચે મુજબની માહિતી આપવામાં આવેલ છે. ડ્રાઈવરની જગ્યા માટે  આપવામાં આવેલ જાહેરાતમાં અનુભવ માંગવામાં આવેલ નથી.  પરંતુ હાઈડ્રોલીક યુનિટના જાણકારને પ્રથમ  પસંદગી આપવામાં આવશે. જે મુજબનો સ્પષ્ટ ઉલ્લેખ  જાહેરાતમાં કરવામાં આવેલ છે  અને તમોને પણ  રીક્રુટમેન્ટ કચેરીએ રૂબરૂ મુલાકાત માટે આવેલ તે સમયે ધ્યાન દોરવામાં આવેલ છે જેથી  અનુભવના સર્ટીફીકેટ  બોગસ છે વિગેરે બાબતે  ફરીવાર જણાવવાનું કે  ઉમેદવારને આપવામાં આવેલ માર્કસ  માટે અનુભવ ધ્યાને  લેવામાં આવેલ  નથી પરંતુ હેવી લાયસન્સ  જેટલું જુનું  હોય તેઓને  અગ્રીમતા આપવામાં આવેલ છે અને તેની માર્કિંગ  સીસ્ટમ પણ અગાઉની  અરજીઓ દરમ્યાન  તમોને  રીક્રુટમેન્ટ કચેરીએથી  માહિતી  પૂરી પાડવામાં આવેલ છે તેનો અભ્યાસ માંગી લે છે.   વધુમાં રીક્રુટમેન્ટ   કચેરીના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૬૪ માં મુદ્દા નં.૫ બાબતે જણાવેલ છે કે          પ્રતિક્ષાયાદી  માત્ર અને માત્ર  હેવી વ્હીકલ  લાયસન્સ  જેટલું જુંનુ હોય તેઓને જ  સમાવવામાં આવેલ છે તે  બાબત નથી પરંતુ ઉમેદવારોએ આઈ ટેસ્ટ , બીએમ આઈ ટેસ્ટ પ્રેકટીકલ  ટેસ્ટ, પર્સનલ ઈન્ટરવ્યુમાં  કરેલ  દેખાવ , લાયસન્સ   વિગેરે તમામ બાબતોને ધ્યાને   લઈને   યાદી કરવામાં તૈયાર કરવામાં આવેલ હોય   જે વિદિત થાય. આમ આપનું ફરીવાર ધ્યાન દોરીએ છીએ કે  અમારા તરફથી   આપવામાં આવેલ પત્ર  ન.જીએડી/ઈએસટી/આર/૧૩૪૮ તેમજ પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/  ૧૪૬૪ નો અભ્યાસ માંગી લે છે. તેવું જણાવેલ છે. અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૧ માં  અનુ નં.૧ ના  ઉમેદવારની ઉંમર અને લાયસન્સની વિસંગતતા બાબતે રજૂઆત કરી લાયસન્સ કેવી રીતે મળી શકે  તેવી રજૂઆત કરેલ છે. જે મુળ અરજીથી  અલાયદી અપીલ તબકકે  તકરાર નિવારણને લગતી રજૂઆત કરેલ છે.  જયારે અનુ નં.૩૪  માં આર્થિક કૌંભાડ આચરવાની ફરીયાદ કરેલ છે. જયારે અનુ નં.૩ માં  સર્વીસબુક અને અરજી બીડાણની નકલ બાબતેની રજૂઆત કરેલ છે.  જયારે મુદ્દા નં.૨ માં  અનુ નં.૮ ની માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે.   જે અંગે   જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી અરજદારને પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ  સેલ / ૮૦૪ તા. ૭–૩–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે જે અંગે અરજદારને  નકલ દીઠ રૂા.૨/– લેખે ૫૩ પાના ના રૂા.૧૦૬ /– જમા કરાવ્યેથી મળી શકશે  પરંતુ અરજદારે તેવી માહિતી ઉપર અમો અરજદારને સદર માહિતીની નકલોની જરૂરીયાત નથી જેથી જણાવેલ ફી ભરવા રાજી ખુશી નથી તેવું જણાવી માહિતી નહીં મેળવવાનો રસ દાખવેલ નથી  તેથી તે પ્રશ્ન અરજદારને  કોઈ તકરાર હોઈ શકે નહીં. તેવી જ રીતે  જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના તા.૧૫–૩–૧૧ ના પત્રથી ફી ભરી માહિતી મેળવવા પ્રસ્તાવ કરેલ તેમ છતાં  અરજદારે તે મેળવવા રસ દાખવેલ  નથી જેથી તે અંગે  પણ કોઈ  તકરારને સ્થાન નથી. અરજદારના  મુદ્દા નં.૧ ના અનુ નં.૩ ના અન્ય  પ્રમાણપત્રો નહીં મળ્યાની રજૂઆત તાર્કીક જણાતી નથી કારણ કે ૩૦ કાગળો પૈકી મા ત્ર ૨૫ મળે  અને ૫ ન મળે તે પ્રથમદર્શી રીતે સુસંગત જણાતું નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારની મુદ્દા નં.૧ના અનુ નં.૩ માં  સર્વીસબુક સિવાય અરજી ફોર્મના બિડાણની નકલો નહીં મળ્યાની રજૂઆત અંગે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટનો મળ ેલ માહિતીના સાધનિક  કાગળો સહિત સંપર્ક કરી  ખરાઈ કરાવવા  અરજદારને સૂચિત કરવામાં આવે છે.  જાહેર માહિતી અધિકારીનો અરજદાર ધ્વારા  તે વિગતો સહ  સંપર્ક કરી  તેટલા કાગળો  સામેલ ન  હોવાનું ખાતરી  થયે તેટલી  નકલો  પૂર્વેના મુલ્યે પૂરી પાડવા પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી  રીક્રુટમેન્ટને જણાવવામાં આવે છે. અરજદારના  મુદ્દા નં.૧ ના અનુ નં.૩૪ અંગે  આર્થિક કૌંભાડ આચરવાની ફરીયાદ બાબતે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.  જયારે મુદ્દા નં.૧ ના  અનં. નં.૧ બાબતે  નાની ઉંમર જણાવી  લાયસન્સ કેવી રીતેમળી શકે તેવા અપીલ તબકકે ઉપસ્થિત કરેલ  મુળ અરજીથી અલાયદા  પ્રશ્ન બાબતે લાગત સત્તા મંડળને અલાયદી અરજી કરી  માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૫–૧૧

પ્રતિ,

(૧)ઈ.ચા.પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ), ઈ.ચા.ડે.કમિશ્નર (સી) અને  જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)..જાણ તથા અમલ માટે .

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર